

**ધાનેરામાં ગુટકા તેમજ બીડી ખરીદવા માટે લોકોની લાઈન લાગી**

લોકડાઉન દરમ્યાન ગુજરાતમાં પણ ગુટખા બીડી તમાકુ સિગરેટના વેચાણ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો અને થોડા સમય પહેલાં જ આ વસ્તુનું વેચાણ કરવા માટે છૂટછાટ આપવામાં આવી છે ત્યારે ઠેર ઠેર લોકોની ભીડ જોવા મળે છે ત્યારે વાત કરવામાં આવેલા બનાસકાંઠા જિલ્લાના ધાનેરા ની તો બનાસકાંઠા જિલ્લાના ધાનેરામાં પણ આજે ગુટખા બીડી-સિગરેટ તેમજ તમાકુ ખરીદવા માટે લોકો ઉમટી પડ્યા હતા અને લોકોની ભારે ભીડ જોવા મળી રહી છે ધાનેરા નગરપાલિકા ની સામે જ એક દુકાનમાં લોકોના ટોળે ટોળા જોવા મળ્યા હતા અને લોકો ગુટકા ખરીદવા માટે મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા લોકોના ટોળા જોઈ એ ક્યાંકને ક્યાંક સરકારના આદેશનું પાલન ન થતું હોય તેવું જોવા મળ્યું હતું અને ખરીદી કરવા માટે ધોમધખતા તાપમાં પણ લોકો જ લાંબી લાઈન લગાવી હતી અને લાઈનમાં ઊભા રહી ખરીદી કરી હતી પુરુષોની સાથે મહિલાઓ પણ ખરીદી કરવા માટે આવી હતી અને ધોમધખતા તાપમાં લાઈનમાં ઉભા રે ખરીદી કરી હતી.

# સાબરકાંઠાના ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૧૧ કેસ

## વડાલી તાલુકામાં ૦૫, પોશીનામાં ૦૨, તલોદમાં ૦૨, ખેડબ્રહ્મા અને હિંમતનગરમાં ૧-૧ કેસ પોઝીટીવ : જિલ્લામાં અત્યાર સુધીમાં ૯૦ દર્દીઓના રીપોર્ટ કોરોના પોઝીટીવ

સાબરકાંઠા જિલ્લામાં સોમવારે કોરોના પોઝીટીવ વધુ ૧૧ દર્દીઓનો કોરોના રીપોર્ટ આવતા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાનો કહેર વર્તાઈ રહ્યો છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૯૯ દર્દીઓના કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે ત્યારે તંત્ર દ્વારા વિવિધ વિસ્તારોને કોરન્ટાઈન કરી સર્વેની કામગીરી હાથ ધરાઈ છે. સોમવારે વડાલી તાલુકામાં ૦૫, પોશીનામાં ૦૨, તલોદમાં ૦૨, જયારે ખેડબ્રહ્મા અને હિંમતનગરમાં ૧-૧ કેસ પોઝીટીવ આવ્યો હોવાનું આરોગ્ય વિભાગે જણાવ્યુ છે.

વડાલી તાલુકાના કંજેરી ગામના ૬૦ વર્ષીય પુરૂષ, જયારે દંત્રોલી ગામમાં ૦૧ મહિલા અને ૦૧ પુરૂષ, ડોભાડા ગામમાં ૨૭ વર્ષીય યુવાન અને વડાલીની શ્યામસુંદર મંદિર પાસે રહેતા ૪૨ વર્ષીય પુરૂષમાં કોરોના પોઝીટીવ હોવાનો રીપોર્ટ આવ્યો છે. આ ઉપરાંત પોશીના ગામમાં ૫૧ વર્ષના આધેડ તથા સાલેરા ગામના ૧૭ વર્ષીય યુવાનનો પણ કોરોના રીપોર્ટ પોઝીટીવ આવતા પોશીના પંથકમાં લોકોમાં ચિંતાની લાગણી પ્રસરી રહી છે. તો બીજી તરફ તલોદ તાલુકાના સવાપુર ગામમાં ૨૩ વર્ષીય પુરૂષ અને બાદરજીના મુવાડા ગામમાં ૨૫ વર્ષીય પુરૂષનો પણ કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો હતો, જયારે હિંમતનગર તાલુકાના ગાંભોઈ ગામમાં રહેતી અને અમદાવાદથી આવેલી ૧૪ વર્ષીય કિશોરીનો કોરોના ટેસ્ટ પોઝીટીવ આવતા સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવી છે. આ ઉપરાંત ખેડબ્રહ્મા તાલુકામાં ૩૦ વર્ષીય યુવાનનો પણ કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. નાકા ગામનો આ યુવાન પોતાના પિતાની સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ગયો હોવાથી તેને કોરન્ટાઈન કરીને સેમ્પલ લેવામાં આવ્યા હતા. જયાં સોમવારે આ યુવાનનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવતા ખેડબ્રહ્મા તાલુકાના આરોગ્ય તબીબ દ્વારા સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે અને સમગ્ર વિસ્તારને કોરન્ટાઈન જાહેર કરાયો છે. કોરોના પોઝીટીવ નાકા ગામના યુવાન દર્દીને સારવાર માટે હિંમતનગરની સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હોવાનું વધુમાં આરોગ્ય વિભાગના સુત્રોએ જણાવ્યુ હતું.

# હિંમતનગર જીઆઈડીસીમાં ઔધોગિક એકમો ખુલ્યા

**શ્રમિકો વિના માલિકો નવરાધૂપ જીઆઈડીસીમાં કાર્યરત ૧૦૦ એકમો શરૂ થતા ચહલપહલ વધી**

કોરોના વાયરસને પગલે છેલ્લા ગણા સમયથી હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં આવેલ જીઆઈડીસીના સો એકમો લોકડાઉનને કારણે બંધ હતા પરંતુ સરકારે લોકડાઉન ચારમાં આપેલી છુટછાટને પગલે જીઆઈડીસીમાં આવેલા નાનામોટા એકમોના શટર ખુલ્યા છે પરંતુ શ્રમિકો ન હોવાથી કારખાનેદારો નવરાધૂપ બેસી રહ્યા છે . અને શ્રમિકો કામ પર આવે તેની રાહ જોઈ રહ્યા છે . હિંમતનગર જીઆઈડીસીમાં ૧૦૦ થી વધુ નાનામોટા અને ફેકટરીઓ આવેલી છે . લોકડાઉન અગાઉ આ જીઆઈડીસીનો વિસ્તાર રાતદિવસ ધમધમતો હતો તથા તૈયાર માલ લઈ જતા અને કાર્યો માલ લાવતા વાહનોને કારણે જીઆઈડીસી સતત ધમધમતી અતી . પરંતુ કોરોના વાયરસને પગલે સરકારે આ રોગને મહામારી ગણાવીને હિંમતનગર સહિત સાબરકાંઠા જિલ્લામાં ચાલતા તમામ કારખાના અને ફેકટરીઓ બંધ કરી દેવા આદેશ કર્યા હતા . જોકે હિંમતનગર અને આસપાસના વિસ્તારોમાં રહેતા અંદાજે ૪૦૦૦ થી વધુ શ્રમિર્કો પોતાના ધરે રહેતા હતા તો બીજી તરફ એક હજારથી વધુ પરપ્રાંતિય શ્રમિકો ભાડાના મકાનમાં અથવા તો જેતે ફેકટરીની ઓરડીઓમાં રહીને ફરીથી ધંધા રોજગાર શરૂ તેની રાહ જોઈને બેઠા હતા તો માલિકો પણ ધંધા રોજગાર બંધ હવાથી ચિંતાતુર હતા પરંતુ હિંમતનગર સહિત સાબરકાંઠા જિલ્લામાં ફોરોના પોઝેટીવના કેસ વધતા લોકડાઉન ત્રણ વખત લંબાવાની ફરજ પડી હતી . ધંધા રોજગાર બંધ હોવાને કારણે સ્થાનિક શ્રમિકો કોઈપણ જોખમ લેવા માંગતા ન હતા તેથી તેઓ ખેતી કામ અથવા તો પશુપાલનના વ્યવસાયમાં જોડાઈ ગયા છે . જયારે પરપ્રાંતિય શ્રમિકોને લોકડાઉનમાં પડેલી તકલીફોને લઈને તેઓ બિહાર , ઓરીસ્સા , એમપી, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન જતા રહ્યા છે. તેઓ ફ્રી ક્યારે પાછા આવશે તે નક્કી નથી તેમ છતા કારખાના અને ફેકટરીના માલિકો દ્વારા સ્થાનિક મજુરોનો સંપર્ક કરીને કામે બોલાવી રહ્યા છે. અપુરતા સ્ટાફને કારણે ધંધો ચલાવવો મુશ્કેલ છે જેથી આ ફેકટરીઓ તથા કારખાનાઓ ક્યારથી રાબેતા મુજબ થશે તે કહી શકાતુ નથી.

# મોડાસામાં લોકડાઉનમાં સાદાઈથી રમઝાન ઈદની ઉજવણી

## મુસ્લિમ બિરાદરોએ ઘરે રહી ખાસ નમાજ અદા કરી

મોડાસા, તા. ૨૫

અરવલ્લી જીલ્લા સહીત મોડાસા શહેરમાં લઘુમતી સમાજ દ્વારા કોરોના લોકડાઉનની પ્રવર્તમાન પરિસ્થિતિને લક્ષમાં રાખીને સાદાઈથી રમઝાન ઈદની ઉજવણી કરવામાં આવી હતી. મુસ્લિમ બિરાદરોએ તેમના ઘરમાં જ ઈદની ખાસ નમાજ પઢી હતી.

સરકારની સુચના અનુસાર અને મુસ્લિમ સમાજના ધર્મગુરુઓના આદેશ અનુસાર મુસ્લિમ પરિવારોએ પોતપોતાના ઘરમાં જ રહીને ઈદની ખાસ નમાઝ પઢી હતી. બાદ સૌ કોઈએ સગાસબંધીઓને તેમજ મિત્રવર્તુળમાં ટેલીફોનીક અને સોશ્યલ મિડીયાના માધ્યમથી ઈદની મુબારકબાદી પાઠવી હતી. હિન્દુ સમાજનાં લોકોએ પણ મુસ્લિમ બિરાદરોને સોશ્યલ મીડિયા અને ટેલિફોનિક ઈદ મુબારકબાદી પાઠવી હતી.

ધર્મગુરૂના આદેશથી કોરોનાને લક્ષમાં લઈને સમાજે સાદગીપૂર્ણ રીતે ઈદની ઉજવણી કરીને આ વૈશ્વિક મહામારીની વિષમ પરિસ્થિતિમાં દેશવાસીઓ વધુ સુરક્ષિત રહે તેઓનું સ્વાસ્થ્ય સારૂ રહે તેઓ અન્ય લોકોને અને પરસ્પર ઉપયોગી બને તેવી પ્રચાર માધ્યમોમાં અપીલ કરી હતી. રમજાન માસ દરમિયાન પણ મુસ્લિમ બિરાદરોએ પોતાના ઘરમાં જ રહીને ઈબાદત કરી હતી.



**મોડાસામાં ૧૧ વર્ષના બાળકે એક માસના સળંગ રોજા રાખ્યા**

મોડાસાના કસ્બા જમાદાર ફળીપાસે રહેતા જાકીરહુસેન ચિસ્તીના પુત્ર મદનીએ ૧૧ વર્ષની નાની ઉમરે પવિત્ર રમજાન મર્માં અસહય ગરમી વચ્ચે પુરા ત્રીસ રોજા રાખતા સ્નેહ અને મિત્રોએ મુબારક બાદી આપી હતી. સાથે ચિસ્તી પરિવારમાં હર્ષની લાગણી છવાઈ છે.

# હિંમતનગરમાં માસ્ક ન પહેરનાર ૩૩ લોકો દંડાયા

કોરોના વાયરસને લઈને તેનાથી લોકોને બચાવવા માટે તંત્ર દ્વારા ઘરેથી બહાર નિકળતાની સાથે જ મોઢા પર માસ્ક પહેરવાનું જણાવ્યુ છે.

આ અંગે પાલિકાના ચીફ ઓફીસર અલ્પેશ પટેલના જણાવાયા મુજબ લોકડાઉનના હિંમતનગર નગરપાલિકા વિસ્તારમાં રહેલવા અથવા તો કામઅર્થે નિકળેલા ૩૩ લોકોને બે દિવસમાં નગરપાલિકાના



તથા જાહેરમાં ચૂંકનાર સામે કાયદાકીય પગલા લેવાનું નક્કી કર્યુ છે ત્યારે બે દિવસમાં હિંમતનગર નગરપાલિકાએ ક ૬ લોકોને પકડીને તેમની પાસેથી રૂા .૮,૩૦૦ નો દંડ વસુલવામાં આવ્યો છે અને આ કામગીરી આગામી દિવસોમાં પણ ચાલુ રહેવાનું નગરપાલિકાના સૂત્રોએ ચોથા તબક્કામાં હિંમતનગર સહિત સાબરફાંઠા જિલ્લામાં કોરોનાના કેસ વધી રહ્યા છે.

આ જીવલેણ વાયરસની ગંભીરતાને લોકો નજરઅંદાજ કર્યા વિના પોતાની મસ્તીમાં જીવી રહ્યા છે . જેના લીધે ક્યારેક પરીવાર પર મોટી આફત લાવે છે ત્યારે માસ્ક પહેર્યા વિના કર્મચારીઓ દ્વારા પકડવામાં આવ્યા હતા . તેજ પ્રમાણે કેટલાક જાહેર સ્થળો ઉપર તથા બજારમાં નિકળેલા ૩૩ લોકો જાહેરમાં ચૂંકીને ગંદકી કરતા પકડાયા હતા જેથી તેમની પાસેથી અંદાજે રૂા .૧૦૦ નો દંડ વસુલવામાં આવ્યો છે . તથા માસ્ક ન પહેરનાર ૩૩ લોકો પાસેથી પણ રૂા . ૨૦૦ લેખે અંદાજે રૂા .૬૦૦ મળીને કુલ રૂા .૮૩૦૦ નો દંડ વસુલવામાં આવ્યો છે.

નગરપાલિકા દ્વારા લોકોને જાગૃત કરવાના આશયથી રોજબરોજ નગરપાલિકાના વાહનમાં માઈકના માધ્યમથી સરકારની ગાઈડલાઈન્સનો કડક અમલ કરીને ચુસ્ત પાલન કરવા માટે જણાવાઈ રહ્યુ છે તેમ છતા લોકોમાં જાગૃતિનો અભાવ છે . જે કદાચ આગામી સમયમાં ઘાતક પુરવાર થાય તો નવાઈ નહી.

ઉલ્લેખનીય છે કે લોકડાઉનના ચોથા તબક્કામાં તંત્ર તરફથી અપાયેલી કેટલીક છૂટછાટોને ઘોળીને પી જતા હિંમતનગર વાસીઓ જો કોરોનાથી પરીવાર થનારી ગંભીર અસરો અંગે જાગૃત નહીં બને તો તેના લીધે કદાચ સાબરકાંઠા જિલ્લામાં લોકડાઉન પાંચ આવી શકે તેમ છે . તેથી સૌએ વિચારીને જરૂર સિવાય ઘરેથી બહાર નિકળવાનું ટાળવુ જોઈએ . અત્રે યાદ રહે કે સરકારે જાહેરમાં ચૂંકનાર પાસેથી દંડ વસુલવાની કરાયેલી જોગવાઈ બાદ અત્યાર સુધીમાં સાબરકાંઠા જિલ્લામાં આ નિયમનો ભંગ કરનાર ૪૦ લોકો પાસેથી અંદાજે રૂા .૪૨૫૦ દંડ પેટે વસુલવામાં આવ્યા છે.

## શામળાજી શિતકેન્દ્રના એમપીઓ વિભાગના પાંચ કર્મચારીઓનો નિવૃત્તિ વિદાય સમારંભ યોજાયો

સાબરકાંઠા જિલ્લાની શ્વેતક્રાંતિ તરીકે જાણીતી સાબરડેરી સંચાલિત અરવલ્લી જિલ્લાના શામળાજી ખાતે આવેલા શિતકેન્દ્ર ના એમ પી ઓ વિભાગ માં સોસાયટી સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા ૫ કર્મચારીઓ નો વિદાય સમારંભ આજે ૨૫/૫/૨૦૨૦ ના રોજ શામળાજી એમ.પી.ઓ. વીભાગ મા થી નિવૃત્ત થતા શ્રી જગદીશભાઈ પટેલ ઈન્ચાર્જ એમ પી ઓ શામળાજી, ચીમનભાઈ પટેલ, જીતાભાઈ પટેલ, લલીતભાઈ પટેલ અને પુજાભાઈ પટેલનો શુભેચ્છા કાર્યક્રમમાં સાબરડેરીના એમપીઓના વીભાગીય વડા ડો. એમ. એન. પટેલના અધ્યક્ષતામાં યોજાયોમાં આવ્યો. જેમા મેનેજર ડો. જે. કે. પટેલ તથા મેનેજર ડો. એચ. એમ. પંચાલ પણ ઉપસ્થિતી માંનિવૃત્ત થતાં કર્મચારી ઓનુ મોમેન્ટો શાલ અને શ્રીફળ દ્વારાઅભિવાદન કર્યુ. આ કાર્યક્રમ દરમિયાન કોરોના વાયરસ ની મહામારી ને ધ્યાનમાં રાખી માસ્ક અને સોસીયલ ડિસ્ટન્ટ જાળવણી રાખવામાં આવ્યું હતું સંચાલન જસુભાઈપટેલ. ડાહ્યાભાઈ પટેલ તથા હેમંત પટેલ એ કર્યુ.

# પ્રાંતિજ તથા તાલુકામાં રહેતા મુસ્લિમ બિરાદરો દ્વારા ઈદની સાદગીભરી ઉજવણી

**મુસ્લિમ અગ્રણી રહીશ ભાઇ કસ્બાતીએ પણ સમાજના લોકોને ઘરોમા રહી ઇદની ઉજવણી કરવા અપીલ કરી : મુસ્લિમ સમાજના લોકોએ મોબાઈલના માધ્યમથી એક બીજાને ઇદ મુબારક પાઠવી**

પ્રાંતિજ, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે મુસ્લિમ બિરાદરો દ્વારા આ વર્ષે ઈદના તેહવારની સાંદગીભરી રીતે ઉજવણી કરી હતી.



મોબાઈલના માધ્યમથી એક બીજાને ઈદ મુબારક પાઠવી હતી, બજાર સહિત મુસ્લિમ વિસ્તારોમાં પણ સોશિયલ ડિસ્ટન્સ જોવા મળ્યો હતો.

દેશ સહિત વિશ્વમાં હાલ કોરોનાની મહામારી ફેલાઈ છે જેને લઈને ભારત સરકાર દ્વારા સંક્રમણ ઓછુ રહે તે માટે એક પછી એક લોકડાઉન જાહેર કરવામા આવ્યા છે, લોકડાઉનને લઈને ધંધા રોજગાર ઉપર પણ અસર પડતાં લોકડાઉન ચારમાં તમામ ધંધાઓ ફેકટરીઓ પણ શરતોને આધીન ખોલી દેવામાં આવ્યાં છે. લોકડાઉન વચ્ચે અનેક તેહવાર પણ આવ્યા જેમાં દેશમાં રહેતા દરેક સમાજના લોકોએ પોતાના તેહવારો સંક્રમણને અટકાવવા સાંદગીભરી રીતે મનાવવામાં આવ્યા છે ત્યારે મુસ્લિમ ધર્મમાં પણ દર વર્ષે ઈદની ઉજવણી ધામધુમપુર્વક ઉજવણી કરવામાં આવે છે અને તેવો આ તૈહવાર ઈદની



નમાઝ સાથે જ ઉજવણીનો પ્રારંભ કરવામાં આવે છે પણ આ વર્ષે કોરોના જેવી વૈશ્વિક મહામારીને લઈને મુસ્લિમ સમાજના ધર્મ ગુરૂઓ સહિત આગેવાનો દ્વારા સરકારની પડખે રહી દેશના તમામ સમાજની સાથે રહીને તેવોએ પણ ઈદની ઉજવણી મોકુફ રાખ્યો હતો. પ્રાંતિજ ખાતે રહેતા મુસ્લિમ સમાજના અગ્રણી અને શાંન્તિ દૂત એવોર્ડ વિજેતા રહીશભાઈ કસ્બાતીએ પણ સમાજના લોકોને ઘરોમા રહી ઘરમાં જ નમાઝ અદા કરી ઈદની ઉજવણી ઘરોમા જ રહીને સમાજના લોકોને અપીલ કરી હતી અને સમાજ તથા મિત્રબધુંઓને સમાજના લોકોને પણ ઘરમાં રહીને મોબાઈલ ફોન દ્વારા ઈદ મુબારક પાઠવવા અપીદ કરી હતી અને મળવાનું ટાળવું તથા હાથના મિલાવવા ગળે મળવાનું ટાળવું જેમ બને તેમ ઘરોમા રહી તેહવાર મનાવવો પડ્યો હતો. પ્રાંતિજ ખાતે રહેતા મુસ્લિમ બિરાદરો દ્વારા પણ આ વર્ષે ઈદની સાંદગીભરી ઉજવણી કરવામાં આવી હતી, દેશની એક્તામાં એક મોર પીંછ ઉમેરી દેશ મારો રંગીલો દેશની એક્તા અખંડિતા જોવા મળી હતી, પ્રાંતિજ પીઆઈ એમ.ડી. ચંપાવત તથા પ્રાંતિજ પીએસાઇ બી.ડી. રાઠોડ દ્વારા પ્રાંતિજ સહિત વિસ્તારોમાં કોરોના અને ઈદને લઈને ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.



## પ્રાંતિજના અમીનપુરના યુવાનની સહારણારૂપ કામગીરી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના અમીનપુરના યુવાને જરૂરીયાતમંદ લોકોને માસ્ક તથા સેનીટાઇઝર તથા રોડ ઉપર ચાલતા જતાં શ્રમિકોને ભોજન પુરું પાડયું હતું. હાલ કોરોના જેવી વૈશ્વિક મહામારીને લઈને હાલ દેશભરમાં સરકાર દ્વારા લોકડાઉન ઉપર લોકડાઉન જાહેર થતા ધંધા રોજગાર ઉપર મોટી અસર જોવા મળી છે અને પડી ભાગ્યા છે તો આ મહામારી વચ્ચે પ્રાંતિજના અમીનપુર ગામનો યુવાન રિતેશ પટેલ કે જે ધમાભાઈના ઉર્ફ નામે ઓળખાય છે આ યુવાન દ્વારા જરૂરીયાત લોકોને માસ્ક તથા સેનિટાઈઝરની બોટલો આપી હતી તો લોકડાઉન ૧થી ૩ મા રોડ ઉપર થી ચાલતા જતાં શ્રમિકો ને ભોજન પાણી પણ પુરૂ પાડયું હતું તો પ્રાંતિજ પોલીસ સ્ટેશન ના પોલીસ કર્મીઓ કે જે રાત્ર- દિવસ કોરોનાની મારામારી મા આટલી ગરમીમાં પણ ફરજ બજાવે છે

# મોડાસામાં રમઝાન ઈદના દિવસે મુસ્લિમ ઘર માલિકના પૌત્રોએ માનવતા નેવે મૂકી

મોડાસા, તા. ૨૫

કોરોના વાઈરસને લઈને હાલ લોકડાઉન-૪ ચાલી રહ્યું છે ત્યારે જરૂરિયાતમંદ, અને મધ્યમવર્ગીય પરિવારોની હાલત કફોડી બની છે. મોડાસાની સહારા સોસાયટીમાં ભાડુઆત તરીકે રહેતી મહિલા અને તેના પરિવારની રમઝાન ઈદની ઉજવણીની ખુશી ઘર માલિકના બે પૌત્રએ છીનવી લીધી હતી. ભાડુઆત મહિલા અને તેનો પરિવાર ઘરમાં રસોઈ બનાવતો હતો અને મકાન માલિકના પૌત્રોએ ભાડાની ઉઘરાણી કરી બહારથી તાળું મારી દેતા આજુબાજુથી સોસાયટીના રહીશો દોડી આવ્યા હતા અને લોકફાળો કરી ભાડું આપવા છતાં પૌત્રો દાદાગીરી કરી રૂપિયા રોડ પર ફેંકી દઈ બે દિવસમાં મકાન ખાલી કરવાની ધમકી આપતા હોબાળો થતા મોડાસા ટાઉન પોલીસ ઘટનાસ્થળે પહોંચી ભાડુઆતને ઘરમાંથી છુટકારો કરાવ્યો હતો. ભાડુઆત અને મકાન માલિકે અંદર



અંદર સમાધાન કરી લેતા મામલો થાળે પડ્યો હતો.

મોડાસાના લઘુમતી સમાજના અગ્રણીના સહારા સોસાયટીમાં આવેલા મકાનમાં દોઢ વર્ષથી ભાડે રહેતી મહિલા અને તેનો પરિવાર લોકડાઉનની કપરી પરિસ્થિતિમાં એક મહિનાનું ભાડું ચુકવવામાં થોડું મોડું થતા મુસ્લિમ અગ્રણીના પૌત્રોએ દાદાગીરી કરી મહિલા અને તેનો પરિવાર ઘરમાં રસોઈ બનાવી રહ્યો હતો ત્યારે તાત્કાલિક ઘર ખાલી કરવાનું જણાવતા મહિલા અને તેના પરિવારે આજીજી કરવા છતાં એક હજાર રૂપિયા માટે ઘર માલિકના પૌત્રોએ માનવતા નેવે મૂકી પવિત્ર રમઝાન ઈદના દિવસે સંવેદનહીન બની ઘરને બહારથી લોક મારી દેતા મહિલા અને તેના પરિવાર ઘરમાં પુરાઈ ગયો હતો. મકાનમાલિકના પૌત્રોની દાદાગીરી અને મકાનને લોક મારી દેવાની ઘટનાને પગલે પાડોશીઓ દોડી આવ્યા હતા અને લોકફાળો કરી રૂપિયા આપવા છતાં રૂપિયા રોડ પર ફેંકી દઈ ભાડુઆતને ધમકાવતા હોબાળો થતા ઘરમાલિકના પૌત્રોએ ભાડુઆતને ઘરમાં પુરી દીધા હોવાની જાણ મોડાસા ટાઉન પોલીસને થતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી ઘરમાં બંધ ભાડુઆત મહિલા અને તેના પરિવારનો છુટકારો થયો હતો મકાન માલિક અને ભાડુઆતે અંદર-અંદર સમાધાન કરી લેતા મામલો પોલીસ સ્ટેશન પહોંચ્યા પછી થાળે પડ્યો હતો.